નીટ પેપર લીક : લાતુરના તબીબ, પુણેના ફિઝિક્સ ટિચરની ધરપકડ

નવી દિલ્હી, તા. ૨૭ (પીટીઆઈ) : અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું કે, સીબીઆઈએ નીટ યુજી પેપર લીક કેસના સંબંધમાં લાતુર સ્થિત એક ડોક્ટર અને પુણે સ્થિત એક કોચિંગ સંસ્થામાં ફિઝિક્સ ભણાવતા એક શિક્ષકની ધરપકડ કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રના લાતુરમાં રેણુકાઈ કેમિસ્ટ્રી ક્લાસીસ ચલાવતા શિવરાજ રઘુનાથ મોતેગાંવકરના પુત્ર સહિત ત્રણ વિદ્યાર્થીઓને નીટ પેપર સેટર પી.વી.કુલકર્ણી પાસેથી કેમિસ્ટ્રીના પ્રશ્નો મેળવવામાં કથિત રીતે મહત્ત્વની ભૂમિકા ભજવવા બદલ એજન્સીએ મનોજ શિરુરેની ધરપકડ કરી છે. એજન્સી આ કેસમાં મોતેગાંવકરની અગાઉથી જ ધરપકડ કરી ચૂકી હતી. સીબીઆઈએ પુણેના એક કોચિંગ સેન્ટર ડો. અભંગ પ્રભુ મેડિકલ એકેડેમી (એપીએમએ) ખાતે ફિઝિક્સના શિક્ષક તેજસ હર્ષદકુમાર શાહની પણ ધરપકડ કરી છે.

ચીને ગેમિંગ ટાયકૂનને ઝેર આપવા બદલ એક વ્યક્તિને ફાંસી આપી

તાઈપેઈ (તાઈવાન), તા. 27 (એપી): ચીની સત્તાવાળાઓએ એક વ્યાવસાયિક વિવાદને કારણે 'ધ થ્રી-બોડી પ્રોબ્લેમ'ના નેટફ્લિક્સ રૂપાંતરણ સાથે જોડાયેલા એક અબજોપતિ ગેમિંગ ટાયકૂનની ઝેર આપીને હત્યા કરવા બદલ દોષિત ઠરેલા વ્યક્તિને ફાંસી આપી દીધી છે. તેમ સ્થાનિક મીડિયાએ મંગળવારે અહેવાલ આપ્યો હતો. ઝુ યાઓને શાંઘાઈ સ્થિત યુઝુ ગેમ્સના સ્થાપક લિન કીની હત્યા કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. યુઝુ ગેમ્સ કંપની 'ધ થ્રી-બોડી પ્રોબ્લેમ' નામના તેના પ્રથમ પુસ્તકના શીર્ષકથી જાણીતી બ્લોકબસ્ટર સાયન્સ-ફિક્શન ટ્રાયોલોજીના ફિલ્મ રૂપાંતરણના અધિકારો ધરાવે છે. ચાઈનીઝ લેખક લિયુ સિક્સિન દ્વારા લિખિત આ સાયન્સ-ફિક્શન ટ્રાયોલોજીનો 40થી વધુ ભાષાઓમાં અનુવાદ કરવામાં આવ્યો છે અને તેને ટેલિવિઝન તેમજ ગેમ પ્રોડક્શન્સમાં રૂપાંતરિત કરવામાં આવી છે.

પેજ 3

અંકિતા લોખંડેએ હિજાબ પહેરી મસ્જિદમાં તસવીર ખેંચાવતા યૂઝર્સ ભડક્યા

મુંબઈ, તા. 27 : અંકિતા લોખંડે આ સમયે પતિ વિક્કી જૈન સાથે અબુ ધાબીમાં ફરી રહી છે અને તેણે ત્યાંથી ઘણી તસવીરો શેર કરી છે. અંકિતાએ આ તસવીરોમાં પતિ સાથે સુંદર પળોને કેદ કરી છે, પરંતુ હિજાબ પહેરવાને કારણે તે યૂઝર્સના નિશાના પર આવી ગઈ છે અને મસ્જિદમાં જવા પર પણ યૂઝર્સ અભિનેત્રીને ખરી-ખોટી સંભળાવી રહ્યા છે. અંકિતા તાજેતરમાં જ જ્યારે ગૌસેવા કરતી, તેમને વ્હાલ કરતી અને ઘાસ ખવડાવતી જોવા મળી હતી, ત્યારે લોકોએ તેના ખૂબ વખાણ કર્યા હતા, પણ હવે હિજાબ પહેરવા અને મસ્જિદમાં ફોટો ખેંચાવવાને કારણે તેના ધાર્મિક વિશ્વાસ પર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે.

'ધુરંધર'ની સિંગર જેસ્મીન સેન્ડલાસ કરશે 'ડ્રીમ ગર્લ ઇન્ડિયા ટૂર'

મુંબઈ, તા. 27 : 'ધુરંદર' અને 'ધુરંદર 2'ના ગીતોથી લોકોના દિલ પર રાજ કરી રહેલી પંજાબી મ્યુઝિક ઇન્ડસ્ટ્રીથી લઈને બોલિવૂડ સુધી પોતાની એક અલગ ઓળખ બનાવી ચૂકેલી જેસ્મીન સેન્ડલાસ ફરી એકવાર ચર્ચામાં છે. વાસ્તવમાં હવે તે પોતાના લાઇવ પરફોર્મન્સ દ્વારા દેશભરના દર્શકો સાથે સીધી જોડાવા જઈ રહી છે. સિંગરે પોતાની નવી 'ડ્રીમ ગર્લ ઇન્ડિયા ટૂર'ની જાહેરાત કરી દીધી છે, જેને લઈને ફેન્સ ખૂબ જ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. જેસ્મીન સેન્ડલાસે આ ટૂરને લઈને પોતાની ખુશી વ્યક્ત કરતાં કહ્યું હતું કે, ''આ માત્ર મોટા સ્ટેજ કે મોટી જગ્યાઓ પર પરફોર્મ કરવાની તક નથી, પરંતુ આ મારા અને મારા ફેન્સ વચ્ચે એક ખાસ સંબંધ બનાવવા જેવું છે.''

હેમ્પસ્ટેડ હીથના વન્યજીવન તળાવોને લોકોએ 'બીચ ક્લબ'માં ફેરવતા રોષની લાગણી

■ ગરમીના મોજા દરમિયાન જ્યાં હંસ માળો બાંધતા હતા તે હેમ્પસ્ટેડ હીથના વન્યજીવન તળાવ પર લોકોએ હલ્લાબોલ કરીને તેને 'બીચ ક્લબ'માં ફેરવી દીધું. રેકોર્ડબ્રેક ગરમી દરમિયાન, જ્યારે સુરક્ષિત પક્ષીઓ અને સિગ્નેટ નજીકમાં ફરતા હતા, ત્યારે સેંકડો લોકો પાણીમાં ધુબાકા મારતા હતા કે બોલ વડે અંદર રમતા હતા તો કેટલાક તો વળી તેમના કૂતરાઓને તરાવતા જોવા મળ્યા હતા. કિનારા પર એક વિશાળ પીળા 'સ્વિમિંગ પર પ્રતિબંધ' ના બેનર પાસે જ બિકીની અને સ્વિમિંગ શોર્ટ્સ પહેરેલા લોકો લાઇન લગાવી રહ્યા હતા, જ્યારે અન્ય લોકો, યુવાનો અને વૃદ્ધોએ પાણીમાં કૂદકો મારતા જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા એક વિડીયોમાં એક હંસ પાણીમાં ચાંચ રાખીને ઉદાસ દેખાતું હતું.

કેન્દ્રીય કેબિનેટે સાર્થક-પીડીએસ યોજનાને વધુ પાંચ વર્ષ લંબાવી

જાહેર વિતરણ વ્યવસ્થામાં ટેકનોલોજી આધારિત સુધારા કરાશે

બોગસ રેશનકાર્ડ નાબૂદ કરવા 'નિર્મલ' પ્લેટફોર્મ અને અનાજ ટ્રેકિંગ માટે QR કોડવાળા કોથળા વપરાશે

નવી દિલ્હી, તા. 27 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટે બુધવારે જાહેર વિતરણ વ્યવસ્થા (PDS)ના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ટેકનોલોજી આધારિત મોટા સુધારા કરવાના હેતુથી 'સાર્થક-પીડીએસ' યોજનાને માર્ચ 2031 સુધી પાંચ વર્ષ લંબાવવાની મંજૂરી આપી છે. આ માટે રૂ. 25,530 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ યોજના હેઠળ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા (NFSA) અંતર્ગત અનાજની હેરફેરના ખર્ચ અને રેશનિંગ દુકાનના ડીલરોના કમિશનને એકીકૃત કરવામાં આવ્યા છે, જેથી છેવાડાના માણસ સુધી અનાજ પહોંચાડી શકાય અને ભ્રષ્ટાચાર-લીકેજ અટકાવી શકાય. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, આ યોજનાથી લાભાર્થીઓની પસંદગીથી લઈને અનાજની હેરફેર સુધીની સમગ્ર વ્યવસ્થા ડિજિટલ બનશે, જેનાથી ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ 15થી 50 ટકા ઘટશે અને દર વર્ષે રૂ. 280 કરોડની બચત થશે. યોજના હેઠળ ત્રણ મુખ્ય આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) પ્લેટફોર્મ કાર્યરત કરાશે:

1. NIRMAL: જે બોગસ રેશનકાર્ડ દૂર કરશે.
2. ASHA: જે વિવિધ ભાષાઓમાં લોકોની ફરિયાદોનું નિવારણ કરશે.
3. SAKSHAM: જે જીપીએસ (GPS) દ્વારા ગાડીઓનું ટ્રેકિંગ અને રૂટ નક્કી કરશે.

આ ઉપરાંત, અનાજની ચોરી રોકવા માટે ક્યુઆર (QR) કોડવાળા કોથળા અને બ્લોકચેન જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાશે.

ચંદ્ર પર અમેરિકાના કાયમી બેઝ માટે નાસાનો થ્રી-ફેઝ પ્લાન

ચંદ્ર પર રોવર્સ, ડ્રોન અને પાવર ગ્રીડ સાથે આ વર્ષે જ ત્રણ મોટા મૂન મિશન લોન્ચ કરાશે

વર્ષ 2028માં અવકાશયાત્રીઓ ફરી ચંદ્રની સપાટી પર ઉતરશે

વોશિંગ્ટન, તા. 27 (પીટીઆઈ): ચંદ્રની આસપાસની સફળ સફર (લૂનર ફ્લાયઅરાઉન્ડ) બાદ, નાસા (NASA)એ ચંદ્ર પર કાયમી બેઝ સ્થાપિત કરવાના પ્રયાસોના ભાગરૂપે આ વર્ષે ત્રણ મહત્વના મિશનની જાહેરાત કરી છે.

નાસાના એડમિનિસ્ટ્રેટર જેરેડ આઇઝેકમેને મંગળવારે 20 અબજ ડોલરની યોજના રજૂ કરી હતી. આ કાયમી બેઝ લૂનર રોવર્સ અને ડ્રોનથી સજ્જ હશે, જે અવકાશયાત્રીઓને ચંદ્રના જોખમી વાતાવરણમાં રહેવા અને કામ કરવા માટે જરૂરી કૌશલ્યો શીખવશે. નાસાનું લક્ષ્ય વર્ષ 2028માં અવકાશયાત્રીઓને ફરી ચંદ્ર પર ઉતારવાનું છે. આ યોજના હેઠળ, આ વર્ષે સપ્ટેમ્બરમાં 'મૂન બેઝ-I' મિશન લોન્ચ થશે, જે બ્લુ ઓરિજિનના લેન્ડર દ્વારા ચંદ્રની સપાટી અને થ્રસ્ટર્સ વચ્ચેની પ્રતિક્રિયાના અભ્યાસ માટે જરૂરી કેમેરા અને લેઝર એરે જેવા સાધનો મોકલશે. ત્યારબાદ 'મૂન બેઝ-II' મિશન દ્વારા એસ્ટ્રોબોટિકના લેન્ડર પર 1100 પાઉન્ડથી વધુ કાર્ગો અને ફ્લિપ રોવર મોકલવામાં આવશે.

ઇઝરાયેલે હમાસના નવા સૈન્ય વડા મહંમદ ઓદ્દેહને ગાઝામાં ઠાર માર્યો

બકરીઈદની પૂર્વસંધ્યાએ જ આ હુમલો થતાં ગાઝામાં ભારે આક્રોશ અને ગમગીનીનો માહોલ

હવાઈ હુમલામાં સૈન્ય વડા ઉપરાંત તેમનાં પત્ની, પુત્ર અને પુત્રી સહિત કુલ પાંચ લોકોનાં મોત થયાં

દેર અલ-બલાહ, તા. 27 (એપી): ઇઝરાયેલે દાવો કર્યો છે કે તેણે મંગળવારે ગાઝા સિટીમાં કરેલા પ્રચંડ હવાઈ હુમલામાં હમાસની સૈન્ય પાંખના નવા વડા મોહમ્મદ ઓદહને ઠાર માર્યા છે.

અગાઉના વડા ઇઝ અલ-દિન અલ-હદ્દાદના મોતના માંડ બે અઠવાડિયામાં જ ઇઝરાયેલે આ બીજા મોટા કમાન્ડરનો સફાયો કર્યો છે. ઇઝરાયેલના સંરક્ષણ મંત્રી ઇઝરાયેલ કાત્ઝે નવા વડા ઓદહને 7 ઓક્ટોબર 2023ના હુમલાના 'મુખ્ય સૂત્રધારો' માંથી એક ગણાવ્યા હતા. આ હુમલામાં ઓદહ ઉપરાંત તેમનાં પત્ની, પુત્ર અને પુત્રી સહિત કુલ પાંચ લોકોનાં મોત થયાં છે, જ્યારે 12 લોકો ઈજાગ્રસ્ત થયા છે. હમાસે હજુ આ અંગે કોઈ સત્તાવાર ટિપ્પણી કરી નથી.

બીજી તરફ, મુસ્લિમોના પવિત્ર તહેવાર 'ઈદ અલ-અધા' (બકરીઈદ) ની પૂર્વસંધ્યાએ જ આ હુમલો થતાં ગાઝામાં ભારે આક્રોશ અને ગમગીનીનો માહોલ છે. બુધવારે ગાઝા સિટીમાં ઓદહ અને તેમના પરિવારની જનાજાની યાત્રામાં હજારો લોકો ઉમટી પડ્યા હતા, જ્યાં હમાસના લીલા ઝંડા સાથે ઇઝરાયેલ વિરોધી સૂત્રોચ્ચાર કરાયા હતા.

ગાઝામાં આ વર્ષે પણ ઈદનો તહેવાર એકદમ ફિક્કો રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્રોના અંદાજ મુજબ ગાઝાની 20 લાખથી વધુ વસ્તીના 90 ટકા લોકો વિસ્થાપિત થઈને રાહત શિબિરો અને તંબુઓમાં નરકીય સ્થિતિમાં જીવી રહ્યા છે. ઓક્ટોબરમાં થયેલી નાજુક યુદ્ધવિરામની સમજૂતી છતાં હિંસા ચાલુ છે. ઉલ્લેખનીય છે કે 2023થી શરૂ થયેલા આ ભયાનક યુદ્ધમાં અત્યાર સુધીમાં 72,800થી વધુ પેલેસ્ટિનિયનોનાં મોત નીપજ્યાં છે.

ટ્રમ્પનું મેડિકલ ચેકઅપ : ૩ કલાક સુધી ચાલી તપાસ

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર બધું જ પરફેક્ટ હોવાનો દાવો કર્યો

વિપક્ષ અને તબીબોએ ટ્રમ્પની વધતી ઉંમર અને માનસિક ક્ષમતા સામે સવાલો ઉઠાવ્યા.

નવી દિલ્હી, તા. 27 (પીટીઆઈ): અમેરિકાના 79 વર્ષીય રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે વૉલ્ટર રીડ નેશનલ મિલિટરી મેડિકલ સેન્ટરમાં આશરે 3 કલાક ગાળીને પોતાનું હેલ્થ ચેકઅપ કરાવ્યું હતું. વ્હાઇટ હાઉસે આને નિયમિત પ્રિવેન્ટિવ મેડિકલ અને ડેન્ટલ ચેકઅપ ગણાવ્યું છે. બીજી ટર્મ માટે સત્તા પર આવ્યા બાદ ટ્રમ્પનું આ ચોથું જાહેર મેડિકલ ચેકઅપ છે. તપાસ બાદ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે, "મારું ૬ મહિનાનું ફિઝિકલ ચેકઅપ પૂરું થયું છે અને બધું જ પરફેક્ટ (PERFECTLY) આવ્યું છે."

આગામી મહિને ૮૦ વર્ષના થનારા ટ્રમ્પ અમેરિકાના ઇતિહાસના સૌથી મોટી ઉંમરના રાષ્ટ્રપતિ છે. તાજેતરના એક પોલ અનુસાર, અડધાથી વધુ અમેરિકનો માને છે કે વધતી ઉંમરના કારણે ટ્રમ્પ પાસે રાષ્ટ્રપતિ તરીકે કામ કરવાની માનસિક કે શારીરિક ક્ષમતા નથી. જોકે, વ્હાઇટ હાઉસના પ્રવક્તાએ આ આક્ષેપોને નકારી કાઢતાં ટ્રમ્પને સંપૂર્ણ સ્વસ્થ ગણાવ્યા છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ટ્રમ્પને પગમાં સોજા આવવાની બીમારી (ક્રોનિક વેનસ ઇન્સફિશિયન્સી) હોવાનું સામે આવ્યું હતું.

લાઓસમાં પૂરગ્રસ્ત ગુફામાંથી પાંચ ગ્રામજનોનો ચમત્કારિક બચાવ

આ તમામ એક અઠવાડિયાથી ફસાયેલા હતા, ગુમ થયેલા વધુ બે લોકોની શોધખોળ ચાલુ

4 કિલોમીટરના સીધા ચઢાણ અને ભારે વરસાદ વચ્ચે બચાવ દળે જીવના જોખમે ઓપરેશન પાર પાડ્યું

બેંગકોક, તા. 27 (એપી): મધ્ય લાઓસની પૂરગ્રસ્ત ગુફામાં એક અઠવાડિયા કરતાં વધુ સમયથી ફસાયેલા પાંચ ગ્રામજનો જીવિત મળી આવ્યા છે, જ્યારે અન્ય બે હજુ પણ ગુમ છે. લાઓ અને થાઈ બચાવ ટીમોના જણાવ્યા મુજબ, શીસોમબોન પ્રાંતમાં આવેલા આ વિસ્તારમાં 19 મેના રોજ સાત ગ્રામજનો ગુફામાં પ્રવેશ્યા હતા, પરંતુ ભારે વરસાદને કારણે અચાનક પૂર આવતા ગુફાનો બહાર નીકળવાનો રસ્તો બંધ થઈ ગયો હતો અને તેઓ ફસાઈ ગયા હતા. સ્થાનિક સત્તાવાળાઓ સાથે મળીને કામ કરતી સંસ્થા 'રેસ્ક્યૂ વોલિન્ટીર ફોર પીપલ'ના બુનખામ લુઆંગલાથે પુષ્ટિ કરી છે કે પાંચ લોકોને સુરક્ષિત શોધી કાઢવામાં આવ્યા છે અને બાકીના બે લોકોની શોધખોળ હજુ ચાલુ રહેશે.

પાડોશી દેશ થાઈલેન્ડના બચાવ કાર્યકરો સપ્તાહંત પર ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આ મિશનમાં વર્ષ 2018માં થાઈલેન્ડની ગુફામાં ફસાયેલા 12 સ્કૂલના બાળકો અને તેમના ફૂટબોલ કોચને બચાવનારા આંતરરાષ્ટ્રીય ડાઈવર્સે પણ મદદ કરી હતી. થાઈ બચાવ જૂથ દ્વારા શેર કરાયેલા વીડિયોમાં ડાઈવર્સ પાણીમાંથી બહાર આવીને ખડક પર બેસેલા ગ્રામજનોને શોધતા જોવા મળે છે, જેના પછી બચાવકર્મીઓ ખુશીથી એકબીજાને ભેટી પડ્યા હતા.

આ ગુફા પાટનગર વિયેન્ચિયાનથી લગભગ 120 કિલોમીટર દૂર એક દુર્ગમ પહાડી વિસ્તારમાં આવેલી છે. સોશિયલ મીડિયા પર શેર કરાયેલી વિગતો મુજબ, ગુફાના પ્રવેશદ્વાર સુધી પહોંચવા માટે 4 કિલોમીટરનું સીધું ચઢાણ ચઢવું પડે છે અને તેનો રસ્તો એટલો સાંકડો છે કે એક સમયે માત્ર એક જ વ્યક્તિ અંદર જઈ શકે છે. ગ્રામજનો ગુફામાં કેમ ગયા હતા તેની કોઈ સત્તાવાર માહિતી નથી, પરંતુ સ્થાનિક લોકો સુરક્ષા ચેતવણીઓ હોવા છતાં સોનાની શોધમાં આ ગુફામાં અવારનવાર જતા હોવાનું બહાર આવ્યું છે.

સ્પેનના વડા પ્રધાન સાંચેઝની સત્તાધારી પાર્ટીના હેડક્વાર્ટર પર પોલીસના દરોડા

વડા પ્રધાનના પરિવાર અને પૂર્વ સાથીઓ પણ તપાસના ઘેરામાં

કરોડોના ભ્રષ્ટાચારના કેસમાં કોર્ટના આદેશથી સર્ચ ઓપરેશન

બાર્સેલોના (સ્પેન), તા. 27 (એપી): નાણાકીય ગેરરીતિઓની ચાલી રહેલી તપાસના ભાગરૂપે સ્પેનિશ પોલીસે બુધવારે સત્તાધારી સોશિયલિસ્ટ પાર્ટીના મુખ્યાલયની તલાશી લીધી હતી. સેન્ટ્રલ મેડ્રિડમાં આવેલી ઓફિસ પરનો આ દરોડો વડા પ્રધાન પેડ્રો સાંચેઝની પાર્ટી માટે વધુ એક મોટો ફટકો છે, જેઓ પહેલેથી જ ભ્રષ્ટાચારના અસંખ્ય કૌભાંડોનો સામનો કરી રહ્યા છે. નેશનલ કોર્ટના જજ સેન્ટિયાગો પેડ્રાઝના આદેશ પર સિવિલ ગાર્ડ દ્વારા આ કાર્યવાહી પૂર્વ પક્ષના સભ્યો વિરુદ્ધ ભ્રષ્ટાચારના પુરાવા શોધવા માટે કરવામાં આવી છે.

આ તપાસ મુખ્યત્વે સોશિયલિસ્ટ પાર્ટીના પૂર્વ સભ્ય લેઇરી ડીઝ પર કેન્દ્રિત છે. વર્ષ 2025માં સ્પેનિશ મીડિયામાં કેટલીક ઓડિયો ક્લિપ્સ વાયરલ થઈ હતી, જેમાં તેઓ કથિત રીતે એન્ટી-કરપ્શન યુનિટના અધિકારીને બદનામ કરવા અને સરકારી વકીલોની કામગીરીને પ્રભાવિત કરવાના પ્રયાસોમાં સામેલ હોવાનું બહાર આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે વડા પ્રધાનના પક્ષના કેટલાંક સભ્યો સામે ભ્રષ્ટાચારના કેસ ચાલી રહ્યા હતા જેને પ્રભાવિત કરવા આ કૃત્યો કરવાના આરોપ છે.

જજ એ બાબતની તપાસ કરી રહ્યા છે કે શું આ કામ માટે લેઇરી ડીઝને પક્ષ તરફથી ચૂકવણી કરવામાં આવી હતી. જોકે, પક્ષે જણાવ્યું છે કે તેઓ વ્યક્તિગત રીતે કામ કરી રહ્યા હતા.

જ્યારે મેડ્રિડમાં પાર્ટી હેડક્વાર્ટર પર આ દરોડા પડી રહ્યા હતા, ત્યારે વડાપ્રધાન સાંચેઝ વેટિકન સિટીમાં પોપ લિયો 14મા સાથે મુલાકાત કરી રહ્યા હતા. તેમણે પત્રકાર પરિષદમાં કહ્યું, 'અમે ન્યાય પ્રણાલીનું સન્માન કરીએ છીએ અને કોર્ટને સંપૂર્ણ સહયોગ આપીશું.

અમેરિકાની પેપર મિલમાં કેમિકલની ટાંકી ફાટતાં એકનું મોત, 9 ગુમ

અંદાજે 9 લાખ ગેલન તેજાબી કેમિકલ પૂરની જેમ આખા પ્લાન્ટમાં ફરી વળ્યું

કાટમાળ નીચે હજુ પણ હજારો ગેલન રસાયણ હોવાથી માત્ર દિવસના અજવાળામાં જ સર્ચ ઓપરેશન કરાશે

લોંગવ્યુ (યુએસ), તા. 27 (એપી): વોશિંગ્ટન સ્ટેટમાં આવેલા એક પેપર મિલમાં મંગળવારે અંદાજે 900,000 ગેલન અત્યંત જોખમી કેમિકલ ધરાવતી વિશાળ ટાંકી ધડાકા સાથે ધરાશાયી થઈ હતી. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા 1 કર્મચારીનું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય 9 લોકો ગુમ છે, જેમના બચવાની હવે કોઈ આશા નથી.

નિપ્પોન ડાયનાવેવ પેકેજિંગ કંપનીના આ પ્લાન્ટમાં કેમિકલ લીક થવાના કારણે અન્ય 9 લોકો ગંભીર રીતે દાઝી ગયા છે.

કાઉલિટ્ઝ ફાયર એન્ડ રેસ્ક્યૂ ચીફ સ્કોટ ગોલ્ડસ્ટીને જણાવ્યું કે, હાલ બચાવ કામગીરી સ્થગિત કરી તેને 'રિકવરી ઓપરેશન' (મૃતદેહો શોધવાની કામગીરી) જાહેર કરાયું છે. ટાંકીમાં હજુ પણ 90,000 ગેલન અત્યંત દાહક 'વ્હાઇટ લિકર' કેમિકલ ભરેલું હોવાથી અને ટાંકી વધુ તૂટી પડવાનો ભય હોવાથી બુધવારે સવારે માત્ર દિવસના અજવાળામાં જ કામગીરી હાથ ધરાશે. આ કેમિકલ સોડિયમ હાઇડ્રોક્સાઇડનું મિશ્રણ છે, જે લાકડાને ઓગાળીને પેપર બનાવવા માટે વપરાય છે.

આ કંપની જાપાનના નિપ્પોન પેપર ગ્રુપની પેટાકંપની છે અને વર્ષ 2021થી અત્યાર સુધીમાં સુરક્ષા નિયમોના ભંગ બદલ તેને ત્રણ વાર દંડ પણ થઈ ચૂક્યો છે. હાલમાં જ માર્ચ અને મે મહિનામાં પણ તેની સામે સુરક્ષા ફરિયાદો થઈ હતી. કાટ લગાડે તેવું આ તીવ્ર રસાયણ નજીકના ડ્રેનેજ નાળામાં વહી ગયું હોવાથી પર્યાવરણ વિભાગની ટીમ પણ નુકસાનીની તપાસ કરી રહી છે. ટાંકી ધરાશાયી થઈ તેનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી.

કર્ણાટકમાં સિદ્ધારમૈયાએ રાજ્યપાલ પાસે મુલાકાતનો સમય માગ્યો

સિદ્ધારમૈયા આજે રાજીનામું આપી દેશે, ડી.કે. શિવકુમાર નવા મુખ્યમંત્રી બનશે

બેંગલુરુ, તા. 27 (પીટીઆઈ): કર્ણાટકની ત્રણ વર્ષ જૂની કોંગ્રેસ સરકારમાં નેતૃત્વ પરિવર્તન હવે લગભગ નિશ્ચિત જણાઈ રહ્યું છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ રાજ્યપાલ થાવરચંદ ગેહલોત પાસે મુલાકાતનો સમય માગ્યો છે, જેનાથી તેઓ ગુરુવારે રાજીનામું ધરી દે તેવી પ્રબળ સંભાવના છે. હાઈકમાન્ડના આદેશ બાદ ૭૭ વર્ષીય દિગ્ગજ નેતા સિદ્ધારમૈયા પોતાના ડેપ્યુટી સીએમ ડી.કે. શિવકુમાર માટે મુખ્યમંત્રી પદનો માર્ગ મોકળો કરશે. આ ઘટનાક્રમ વચ્ચે સિદ્ધારમૈયાએ ગુરુવારે સવારે શિવકુમાર સહિત પોતાના તમામ કેબિનેટ સાથીઓ માટે બ્રેકફાસ્ટ બેઠકનું આયોજન પણ કર્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મંગળવારે દિલ્હીમાં રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સાથેની હાઈપ્રોફાઈલ બેઠકો બાદ સિદ્ધારમૈયાને પદ છોડવા અને કેન્દ્રમાં રાજ્યસભાની બેઠક સાથે મોટી જવાબદારી સ્વીકારવા કહેવામાં આવ્યું હતું. સિદ્ધારમૈયાએ પોતાના ધારાસભ્યોને જણાવ્યું છે કે તેઓ હાઈકમાન્ડને આપેલું વચન પાળશે. બીજી તરફ, કર્ણાટક પ્રભારી રણદીપ સિંઘ સૂરજેવાલાએ હજુ કોઈ સત્તાવાર ધારાસભ્ય દળની બેઠક બોલાવી હોવાનો ઈનકાર કર્યો છે અને મીડિયાને અટકળો ન કરવા વિનંતી કરી છે. આ નિર્ણયના અહેવાલો વાયુવેગે પ્રસરતાં જ રાજ્યમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. બેંગલુરુ અને રામનગરમાં શિવકુમારના સમર્થકો ઉજવણી કરી રહ્યા છે, જ્યારે સિદ્ધારમૈયાના સમર્થકો અને પછાત વર્ગના સંગઠનોએ આ ફેરફાર સામે વિરોધ પ્રદર્શન શરૂ કરીને આંદોલનની ચીમકી આપી છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ બી.વાય. વિજયેન્દ્રએ આ મુદ્દે કટાક્ષ કરતા દાવો કર્યો છે કે ત્રણ વર્ષમાં શાસન ચલાવવામાં નિષ્ફળ ગયેલી કોંગ્રેસમાં આ આંતરિક જૂથબંધીને કારણે રાજ્ય મધ્યસત્ર ચૂંટણી તરફ ધકેલાઈ શકે છે.

TMC સાંસદ કાકોલી ઘોષs પક્ષના તમામ હોદ્દા પરથી રાજીનામું આપ્યું

તા, તા. ૨૭ (PTI) લોકસભા સાંસદ કાકોલી ઘોષ દસ્તિદારે પક્ષના નેતૃત્વ સામે જાહેરમાં પોતાની નારાજગી વ્યક્ત કર્યાના દિવસો બાદ બુધવારે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ના તમામ સંગઠનાત્મક હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. આ પગલું તેઓ મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીની કલ્યાણી ખાતેની વહીવટી સમીક્ષા બેઠકમાં હાજરી આપ્યાના બીજા જ દિવસે આવ્યું છે, જેમાં તેમના પક્ષે કથિત રીતે તેમને ભાગ ન લેવા સૂચના આપી હોવા છતાં તેઓ હાજર રહ્યા હતા. દસ્તિદાર ટીએમસીની મહિલા પાંખના રાષ્ટ્રીય અધ્યક્ષ હતા અને પક્ષના 'બંગા જનની' કાર્યક્રમ સાથે જોડાયેલા હતા. જોકે, તેઓ પશ્ચિમ બંગાળના બારાસાત લોકસભા મતવિસ્તારના સાંસદ તરીકે ચાલુ રહેશે. સૂત્રોએ જણાવ્યું કે, ટીએમસીના પ્રદેશ અધ્યક્ષ સુબ્રત બક્ષીને સંબોધિત એક પત્રમાં બારાસાતના ચાર ટર્મથી સાંસદ એવા કાકોલી ઘોષે પક્ષની તમામ સંગઠનાત્મક જવાબદારીઓમાંથી રાજીનામું આપી દીધું છે.